INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન'' સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web: www.gujaratcongress.org E – mail : gpcc1234@gmail.com

==========================================================================

**અખબારી યાદી** **તા. ૧૬-૦૨-૨૦૨૨**

વલસાડ જીલ્લાની પ્રાથમિક શાળા કુસુમ વિદ્યાલયમાં સ્થાનિક સરકારી કચેરીના આદેશથી બાળકો માટે વકૃત્વ સ્પર્ધાના નામે ભાજપ સરકાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હત્યારા 'નાથુરામ ગોડસે - હિરો' તરીકે ચિતરવાના પ્રયાસની નિમ્નકક્ષાની માનસિકતાને વખોડતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, વલસાડમાં નાના ભૂલકાઓને સાચો ઈતિહાસ જણાવવાને બદલે વિકૃત ઈતિહાસ દર્શાવી ભાજપ - આર.એસ.એસ. ની સરકારે મહાત્મા ગાંધી વિરોધી માનસિકતાને પ્રદર્શન કર્યું છે. ત્રણ ગોળીથી મહાત્મા ગાંધીજીના માત્ર શરીરને મારી શકાય પરંતુ ગાંધી વિચાર, ગાંધી વિચાર ધારાને મારવી અશક્ય છે. કોંગ્રેસ પક્ષ સત્ય, અહિંસા, પ્રેમ, સદભાવના, સર્વ ધર્મ સમભાવ ની ગાંધી વિચારધારાને સદૈવ જીવંત રાખશે. પૂજ્ય મહાત્મા ગાંધીએ ભારત દેશ અને સમગ્ર વિશ્વને સત્ય, અહિંસાના મુલ્યોથી માર્ગદર્શીત કર્યા છે. 'મહાત્મા ગાંધીજી એ અતિત નહી ભવિષ્ય પણ છે'. પૂજ્ય મહાત્મા ગાંધીની જન્મ ભૂમિ ગુજરાતમાં ભાજપ - આર.એસ.એસ.ની વિચારધારા બાપુના હત્યારા ગોડસેને સરકારી સંસ્થાઓના માધ્યમથી જુદા જુદા હથકંડા અપનાવી 'આદર્શ - હિરો' ચિતરવાનું વધુ એક નિષ્ફળ પ્રયાસ કર્યો છે. ભાજપ સરકાર પૂજ્ય મહાત્મા ગાંધીજીના મૂલ્યોમાં માને છે કે ગાંધી હત્યારા ગોડસેની પુજા કરે છે ? તેનો જવાબ મુખ્યમંત્રીશ્રી ગુજરાતની જનતાને આપે.

ગાંધી - સરદારના ગુજરાતમાં બાપુના હત્યારા ગોડસેની પ્રતિમા સ્થાપવામાં આવે, બાપુની પ્રતિમા તોડવામાં આવે, હત્યારા ગોડસે પર વકૃત્વ સ્પર્ધાના નામે 'વિકૃત ઈતિહાસ' ભણાવવામાં આવે તેમ છતાં ભાજપ સરકારના મંત્રી - સંત્રી, મુખ્યમંત્રી મૌન કેમ ? વાત વાતમાં ગાંધીજીની દુહાઈ દેતી ભાજપ સરકારના શાસનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિરૂદ્ધ ગુન્હાહિત ઘટનાઓ ભાજપ - આર.એસ.એસ. નો 'ગોડસે પ્રેમ' દર્શાવે છે. જો ભાજપ સાચા અર્થમાં ગાંધી - સરદારના મૂલ્યોમાં માનતી હોય તો પૂજ્ય મહાત્મા ગાંધી વિરૂદ્ધ થઈ રહેલા હિન કૃત્યોમાં માત્ર સસ્પેન્ડના નાટક બંધ કરી દેશદ્રોહનો ગુન્હો દાખલ કરે. વલસાડ ખાતે જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્થાનિકોને સાથે રાખીને ભાજપ સરકારની ઈતિહાસ બદલવાની કુચેષ્ટાને વખોડતો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીના ૧૧ વ્રત અને પ્રાર્થના સભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રીશ્રી દિપક બાબરીઆ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ગાંધી સત્યાગ્રહી શ્રી નીમેષ શાહ, જનેશ બઢીયા સહિતના સ્થાનિક આગેવાનો - કાર્યકરો જોડાઈને પૂજ્ય મહાત્મા ગાંધીના સત્ય, અહિંસા, સમાનતાના મૂલ્યોને નમન કર્યું હતું.

(ડૉ.મનીષ એમ.દોશી)
મુખ્ય પ્રવક્તા